સાહેબ, હવે તો અમારી પાસે અમારા પોતાના બોડી બિલ્ડર્સ ઊભા કર્યા સિવાય બીજો કોઇ ઉપાય બચ્યો નથી !

કોલેજ ઓફ એજ્યુકેશનના તાલીમાર્થીઓ સમર્પણની મુલાકાતે

ગાંધીનગર, તા.૮

એસ.એસ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનના તાલીમાર્થીઓએ કોલેજના એચ.ઓ.ડી. ડૉ. જિજ્ઞાસાબેન જોશીના માર્ગદર્શન હેઠળ સમર્પણ મુક બધિર શાળા સેકટર-૨૮માં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાના હેતુથી કાર્યક્રમ યોજાઈ ગયો. તાલીમાર્થીઓ દ્વારા વિવિધ માહિતી આપવામાં આવી હતી. જે તેમના શિક્ષકો બ્રેઈન લિપિમાં બાળકોને સમજાવતા હતા.

સે. ૨૩ સ્થિત અશ્વિન પટેલ કોમર્સ કોલેજમાં ટેબલ ટેનિસ ટૂર્નામેન્ટ યોજવામાં આવી હતી. સિંગલ અને ડબલ્સની આ ટૂર્નામેન્ટમાં કોલેજીયન યુવક યુવતિઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ વિવિધ સ્પર્ધાઓ યોજાશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શ્રી સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા તા. ૨૦મી સપ્ટેમ્બરથી ૨૨મી સપ્ટેમ્બર-૨૦૧૨ના રોજ દરેક ધર્મપ્રેમી બહેનો તથા બાળકો માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે.

ગણેશ મહોત્સવના ભાગરૂપે ભજન, રંગોળી, ચિત્ર, આરતી સુશોભન, વન મિનિટ શૉ ગેમ અને સંગીત ખુરશી સ્પર્ધા બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે. સ્પર્ધામાં ભાગ લેવા માટે સંસ્થાના પ્રમુખ આશાબેન ભટ્ટે અંજના ગોર મો. નં. ૯૪૨૮૬૧૪૪૮૨ નીશાબેન જોષી મો. નં. ૯૯૧૩૮૪૦૧૭૬ અથવા બ્રહ્મભવન સે. ૧૬, ૨૩૨-૩૫૯૩૯નો સંપર્ક કરવા જણાવ્યું છે.

જી.આઈ.પી.એસ.માં 'રમતાં-રમતાં શીખાય ગણિત' કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં દર શનિવારે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે નવીન પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવેલું હોય છે.તેના અનુસંધાને આજ રોજ એટલે કે તા. ૮ સપ્ટેમ્બર-૧૨ના રોજ વિદ્યાર્થીઓને અઘરો લાગતો વિષય ગણિત, કે જે વિષયને રમતાં રમતાં કેવી રીતે સહેલાઈથી આત્મસાત્ કરી શકાય તેની તાલીમ આપવા માટે હિતેશકુમાર વાસુદેવ પંડ્યા જેઓ ગણિતના તજજ્ઞ છે. તેમણે વિદ્યાર્થીઓને મુંઝવતી ગણિત વિષયની કેટલીક મૂળભૂત સમસ્યાઓને રમતાં રમતાં શીખવીને વિદ્યાર્થીઓની ગણિત વિષય પરત્વેની રૂચિ જાગૃત કરી હતી. શાળાના વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં હોંશે હોંશે ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓના મનમાં ગણિત વિષયને લગતી જે મુંઝવણ હતી તે દૂર થઈ હતી. વિદ્યાર્થીઓ રૂચીપૂર્વક ગણિત વિષયના કોયડા સહેલાઈથી ઉકેલી શકશે. જે આ કાર્યક્રમનો હેતુ હતો. હિતેશકુમારે શાળાના ગણિત સીખવતા શિક્ષકો સાથે ગણિત વિષયને કેવી રીતે રસપ્રદ કરી શકાય તે વિશેની કેટલીક ટેકનીકો વિશે વાત કરી હતી. ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના વિદ્યાર્થીઓ અને શિક્ષકો હિતેશકુમાર પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

માઉન્ટ કાર્મેલ શાળામાં પોષણ સપ્તાહ સ્વાસ્થ્ય શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરની માઉન્ટ કાર્મેલ શાળામાં તાજેતરમાં પોષણ સપ્તાહ સ્વાસ્થ્ય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. પોષણ સપ્તાહ સ્વાસ્થ્ય શિબિરમાં કુકીંગ એક્ષ્પર્ટ પરમજીત કૌર છાબડાએ બાળકોને આહાર વિષયક માર્ગદર્શન આપ્યું હતું. બાળકોની માતાઓની સમસ્યા જાણ્યા બાદ બાળકોને પણ આ બાબતે સાવધાન કરવા જણાવ્યું હતું. બાળકો પોષણક્ષમ આહાર લંચબોક્ષમાં લાવે તે માટે દરેક દિવસના નાસ્તા માટેનું મેનું પણ બાળકોને આપવામાં આવ્યુ ંહતું. આચાર્યા સિસ્ટર રેણુકાના આ પ્રયાસને સૌએ આવકાર્યો હતો. શિક્ષિકા અમીબેને આભાર વિધિ કરી હતી.

મહર્ષિ અત્રિ માધ્યમિક શાળા ચક ફેંકમાં દ્વિતિય

ગાંધીનગર, તા. ૮

જિલ્લા રમતગમત કચેરી તેમજ જિલ્લા વ્યાયમ મંડળ દ્વારા અન્ડર-૧૪ની એથ્લેટીક્સ સ્પર્ધામાં મહર્ષિ અત્રિ પ્રાથમિક શાળાનો વિદ્યાર્થી દેવલ પ્રકાશભાઈ પટેલ ચકફેંકમાં દ્વિતીય નંબર મેળવેલ છે. શાળાના ટ્રસ્ટીશ્રી ભરતભાઈ ડુંમર આચાર્યશ્રી ભરતસિંહ રાઠોડ તથા શાળા પરિવારે શુભેચ્છા પાઠવી છે.

ઓમકાર વિદ્યાલયમાં આજે રકતદાન કેમ્પ-શ્રદ્ધાંજલિ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૮

સ્વ. શિવાભાઈની દશમી પુણ્યતિથિએ ઓમકાર વિદ્યાલયમાં તા. ૯મી સપ્ટેમ્બર સવારે નવ વાગે શ્રદ્ધાંજલિ અને રકતદાન કેમ્પનું આયોજન કરેલ છે.

ગાંધીનગર જિલ્લાના તથા શહેરના તમામ રકતદાતાઓને ઓમકાર પરિવાર તરફથી કાર્યક્રમમાં સહભાગી થવા જણાવેલ છે. એકત્રિત થયેલ રકત સિવિલ હોસ્પિટલ અમદાવાદ કેન્સર વિભાગ અને થેલેસિમિયાના દર્દીઓને વિના મૂલ્યે આપવામાં આવશે.

શહેરની શાળા-મહાશાળાઓમાં ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણના જન્મદિનની હર્ષોલ્લાસ સાથે ઉજવણી

ગાંધીનગર શહેરમાં ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણના જન્મદિનની જુદી જુદી પ્રવૃત્તિઓ યોજી ઉજવણી કરવામાં આવી હતી. શાળાના બાળ વિદ્યાર્થીઓએ શિક્ષકની ભૂમિકા ભજવી સ્વયં શિક્ષક દિનની અનોખી રીતે ઉજવણી કરી હતી.

● ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ

ઈન્ફોસિટી સ્કૂલમાં સ્વર્ગીય રાષ્ટ્રપતિજીને શ્રધ્ધાંજલી આપી આ દિવસ ઉજવવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ શિક્ષક અને વિદ્યાર્થીના સંબંધોને સમજાવતાં ચિંતન સ્મરણો રજૂ કર્યા હતાં. વિદ્યાર્થીઓએ શિક્ષકોને કુમકુમ તિલક કરી પુષ્પ ગુચ્છ અર્પણ કરી આશીર્વાદ મેળવ્યા હતા. આચાર્ય પ્રદીપ ગગલાણી, ડિરેક્ટર શૈલેષભાઈ પંડ્યા અને જયેન્દ્રભાઈ પાઠકે વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી તેમના ભવ્ય અને સફળ જીવન માટેની કામના વ્યકત કરી હતી. ગીત-સંગીત અને સંવાદભર્યા કાર્યક્રમથી શિક્ષક દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

● સરકારી પ્રાથમિક શાળા, સે. ૨૧

લાયોનેસ કલબ ગાંધીનગર દ્વારા સેકટર-૨૧ની પ્રાથમિક શાળાના બાળકો સાથે શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. શાળાના ૨૭ વિદ્યાર્થીઓ શિક્ષકો બન્યા હતા. ભાગ લેનાર વિદ્યાર્થીને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આચાર્ય રમીલાબેન અને શાળા પરિવારે બાળકોને શિક્ષક દિનના મહત્વથી વાકેફ કર્યા હતા.

● સરસ્વતી વિદ્યાલય

પમી સપ્ટેમ્બરે શિક્ષક દિન નિમિત્તે શાળાના બાળકોએ સમગ્ર શાળાનું સંચાલન કર્યું હતું. પ્રાથમિક અને માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓએ શિક્ષક તરીકે ફરજ બજાવી હતી. શાળાના આચાર્ય અને શિક્ષકોએ દરેક વિદ્યાર્થીને આશીર્વચન પાઠવી જીવનમાં ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન જેવા આદર્શ ગુણો કેળવવા જણાવ્યુ હતુ.

● એમ.બી. પટેલ ઇંગ્લિશ મિડીયમ સ્કૂલ

શાળામાં શિક્ષક દિન નિમિત્તે વિદ્યાર્થીઓએ શૈક્ષણિક કાર્ય સ્વયં શિસ્તમાં રહીને સંભાળ્યું હતું. આચાર્ય તરીકે અંકુર છનિયારાએ કામગીરી સંભાળી હતી. શિક્ષકો તરીકે ૪૦ વિદ્યાર્થીઓ ભાગ લીધો હતો. શાળામાં આવેલી જર્મન ટીકરીઓએ ગુરૂજનોને તિલક કરી આશીર્વાદ મેળવ્યા હતા.

● આર.એન.પટેલ પ્રાથમિક શાળા

આર.એન.પટેલ પ્રાથમિક શાળામાં સ્વયં શિક્ષક દિન નિમિત્તે ૯૦ શિક્ષક ભાઈ બહેનો, ૪ કલાર્ક ભાઈઓ, ૫ સેવકભાઈઓ, ૨ સુપરવાઈઝર અને આચાર્ય બન્યા હતા. જેમાંથી અનિષા ચૌધરી પ્રથમ, કવન ઠાકર દ્વિતીય અને આંચલ પટેલ તૃતીય ક્રમે વિજેતા થયા હતા. આચાર્ય તરીકે ઉર્વેશ ગાંધર્વ તેમજ શિક્ષકો કલાર્ક અને સુપરવાઈઝરે આ પ્રસંગે પોતાના અભિપ્રાયો રજૂ કર્યા હતા.

● એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા

શાળાના ધોરણ-૭ અને ૮ના કુલ ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓએ શિક્ષક દિન નિમિત્તે શિક્ષક, ક્લાર્ક, સુપરવાઈઝર, આચાર્ય અને સેવકની ભૂમિકા ભજવી શૈક્ષણિક તેમજ વહીવટી કામગીરી સંભાળી હતી. આચાર્ય તરીકે જીનલ પટેલ, સુપરવાઈઝર તરીકે નીકી પટેલ, શાકેરા પરબડિયાએ કામગીરી સંભાળી હતી. આચાર્ય નીરૂબહેને શિક્ષકદિનનું મહત્વ સમજાવ્યું હતું.

● બી.પી. કોલેજ ઓફ બિઝનેશ એડમીનીસ્ટ્રેશન

બી.પી. કોલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન, બીબીએ, ગાંધીનગર દ્વારા દર વર્ષની જેમ ચાલુ શૈક્ષણિક વર્ષ દરમ્યાન પણ તા. ૫-૯-૨૦૧૨ના રોજ ટીચર્સ-ડેની ગૌરવભેર ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓની આંતરિક શક્તિ બહાર લાવવાના મુખ્ય ઉદ્દેશ સાથે યોજાયેલ આ કાર્યક્રમમાં એક દિવસ માટે કોલેજનાં પ્રિન્સીપાલ, ટીચીંગ સ્ટાફ તેમજ નોન-ટીચીંગ સ્ટાફ બનીને આખી કોલેજનું સંચાલન કરવાનો અનુભવ પ્રાપ્ત કર્યો હતો.

કોલેજનાં એક દિવસનાં પ્રિન્સીપાલ તરીકે ધવલ રબારી, વાઈસ પ્રિન્સીપાલ તરીકે જીનીલ નાયક તેમજ સ્ટાફ કો-ઓર્ડિનેટર તરીકે કૃણાલ ભિસારાએ સફળતાપૂર્વક ફરજ બજાવેલ. સેમેસ્ટર-૧માં વિજેતા તરીકે પહેલા તથા બીજા નંબરે અનુક્રમે કુ. પિંકલ પટેલ તથા જયદિપ ગોસાઈ તથા કુ. પાયલબા જાડેજા, સેમેસ્ટર ૩માં કુ. ચિતી પટેલ તેમજ કુ. મધુકુમારી તથા સેમેસ્ટર-૫માં કુ. દેવાંશી દેસાઈ તથા કુ. શોભના સિંગ વિજેતા જાહેર થયેલા સમગ્ર કાર્યક્રમની જવાબદારી કોલેજનાં અધ્યાપીકા કૃતિ શાહે સફળતાપૂર્વક નિભાવેલ.

● આઈ.આઈ.ટી.ઈ.

ઈન્ડીયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન યુનિવર્સિટી દ્વારા શિક્ષક દિનની સપ્તાહભર ઉજવણી કરવામાં આવી હતી. સમગ્ર સપ્તાહ દરમિયાન સંગીત, નૃત્ય, નાટ્ય, વક્તૃત્વ, નેતૃત્વ સહિત વિવિધ વિષયોને આવરી લેતી સ્પર્ધાઓ આયોજીત કરવામાં આવી હતી. શ્રેષ્ઠ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને સન્માનીત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન અને આયોજન ડૉ. સુનિલ સાગર અને ડૉ. વિપુલ ઠાકરે કર્યું હતું. આ પ્રસંગે ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકાર અને શિક્ષણ વિદ્ ર્ઘુવીરભાઈ ચૌધરી ખાસ આમંત્રિત કરવામાં આવ્યા હતા. યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કમલેશ જોશીપુરાના અધ્યક્ષ સ્થાને પૂર્ણાહુતિ કાર્યક્રમમાં ર્ઘુવીરભાઈ ચૌધરીએ શિક્ષકોનું શાબ્દિક સન્માન કર્યું હતું.

● એચ.એમ. સાર્વજનિક હાઈસ્કૂલ

કલોલ તાલુકાના સોજા ગામની એચ.એમ. સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. નાના ભૂલકાઓ અને બાળકોએ આ પ્રસંગે શિક્ષકની ભૂમિકા ભજવી સૌનું ધ્યાન કેન્દ્રીત કર્યું હતું. શાળાના આચાર્ય અને સારસ્વતોએ પ્રાસંગિક પ્રવચનમાં ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જીવન વૃતાંતની ઝાંખી કરાવી હતી.

● મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મ દિવસ નિમિત્તે પમી સપ્ટેમ્બરે મ.દે. શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય-સાદરામાં શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. એમ.પી.એડ. ના વિદ્યાર્થીઓએ શિક્ષકોની ભૂમિકા ભજવી હતી. સંયોજક તરીકે કુ. પ્રિયંકા પાટીલે અને ગૃહપતિ - ગૃહમાતા તરીકે અનુક્રમે અજય ચૌધરી અને કૃષ્ણા લિમ્બાણીએ ભૂમિકા ભજવી હતી.

સમૂહ ઉપાસનામાં મુખ્ય મહેમાન તરીકે ગૌ-સંવર્ધન કેન્દ્રના પ્રા. રમેશભાઈ પટેલ ઉપસ્થિત રહી જેનામાં ચારિત્ર્ય, શિસ્ત, શાંતિ, પ્રેમ અને ક્ષમાની ભાવના છે તેજ શિક્ષક છે, તેજ પથસુજી છે.

વાક્યો સાથે વાર્તાલાપ કર્યો હતો. ડૉ. વિજયભાઈ મકવાણાએ અતિથિવિશેષ તરીકે હાજરી આપી હતી. નિકુંજ જોગરાણા, વિષ્ણુ ચૌધરી, ઉષા રાવલ, સુનેરા શેખ, વિપુલ ઝાપડિયા, મનસુખ સાબડિયાએ શિક્ષણ કાર્ય કરતા થયેલા અનુભવો જણાવ્યા હતા. ડૉ. ઉદાજી પરમાર અને પ્રા. નિમેષભાઈ ચૌધરીએ માર્ગદર્શન આપ્યું અને રાષ્ટ્રીય સેવા યોજના એકમના કાર્યક્રમ અધિકારી પ્રા. નિરજ સિલાવટે શિક્ષક દિવસની મહિમાની ચર્ચા કરી હતી. આભાર દર્શન સુરેશ ઠાકોરે અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન મહમદ બાદીએ કર્યું હતું.

● એસબી પીટીસી કોલેજ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત એસ.બી. પીટીસી કોલેજ, એસ.વી. કેમ્પસ કડી દ્વારા શિક્ષકદિનનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલામાર્થીઓએ ભાગલ ઈ આયોજન અને શૈક્ષણિક કાર્ય નિમાયેલ એક દિવસના આચાર્યા નિલમબેન પટેલ અને રઘુવીરસિંહ ઝાલાએ સંચાલન કર્યુ હતું. શૈક્ષણિક કાર્ય પછી નિબંધને વકૃતત્વ સ્પર્ધા યોજાઈ હતી. કેમ્પસ ડાયરેકટર પ્રા. રમણભાઈ પટેલ અને કેશુભાઈ નાયી, જિજ્ઞાસાબેન ત્રિવેદી હાજર રહ્યા હતા. પ્રિ. ડૉ. બાબુલાલ પટેલે પરિચયને સ્વાગત પ્રવચન કર્યુ હતું. શિક્ષક તરીકેની ગરીમા ગુરુ, ઈલર્નિંગ ઈન્ટરનેટ, સ્માર્ટ ફોન, ટેબલેટ દ્વારા ટેકનોલોજી યુગ સાથે કદમ તાલ મિલાવવા જણાવ્યું હતું.

નિબંધ સ્પર્ધામાં પ્રથમ ઠાકોર ભવાનજી, વકૃતત્વ ભરત રાવળ પ્રથમ નંબર પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધારેલ છે.

સંસ્કાર ચિંતન

- અનંતરાય ન વ્યાસ

સદ્ને આવકારીએ અસદ્ને ત્યજીએ

'દ્વયા હિ પ્રજાપત્યાં દેવા: ચ આસુરા: ચ'

દેવો તથા અસુરો બંને પ્રજાપતિનાં જ સંતાનો છે

'બૃહદ આરણ્યક ઉપનિષદનો આ મંત્ર છે. આ મંત્ર પ્રમાણે તો દેવો અને અસુરોમાં કોઇ ભેદ નથી. બંને ય પ્રજાપતિનાં જ સંતાનો છે. વાસ્તવિકતામાં જે ભેદ જણાય છે તે તો તેઓનાં ગુણ, લક્ષણ તથા કર્મોને કારણે છે. ભગવાન શ્રીકૃષ્ણે ગીતાજીનાં સોળમાં અધ્યાયમાં દેવો તથા આસૂરી સંવાદો વચ્ચે તફાવત કરતાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે, 'દ્વૌ મતસર્ગૌ લોકેસ્મિન દેવાસૂરા એવ ચ' આ વિશ્વમાં બેપ્રકારનાં માનવ સમુદાયો છે. દેવો તથા અસૂરો... ભગવાને આ વિભાજિત ગુણ તથા કર્મ પ્રમાણે કરેલ છે. પ્રથમ ભગવાને દૈવી - સંયદ્ ધરાવનારના ગુણો દર્શાવ્યા છે. પછી જ આસુરી સંપદ્ ધરાવનારનાં ગુણો દર્શાવ્યા છે. પછી જ આસુરી સંપદ્ - ધરાવનારનાં દૈવી સંપદ્ ધરાવનાર સદ્ગુણી તથા આસૂરી - સંપદ ધરાવનાર કામી-લોભી-ક્રોધી અને અભિમાની હોય છે. શ્રુતિ પણ આજ વાત કરે છે. દેવો તથા અસૂરો કોઇ અલગ-અલગ સભ્યો નથી. પ્રજાતિ એક જ છે. માત્ર પોતાના કર્મોને કારણે જ આ પ્રકારના નામાભિધાન પામ્યા છે.

બંને પ્રજાપતિનાં સંતાનો હોવા છતાં આપણી પૌરાણિક કથાઓમાં દૈવાસુર - સંગ્રામની કથાઓ હોય છે. પુરાણોનાં આખ્યાનો પ્રમાણે અસૂરો દેવો હારે છે. વિજયી અસૂરો સ્વર્ગમાં પ્રવેશે છે. દેવો પોતાના આદ્ય-દેવ બ્રહ્મા - વિષ્ણુ કે શિવના શરણે જઈ તેની મદદ માગે છે. પરમ - તત્ત્વની મદદ વડે દેવોનો વિજય થાય, અને સ્વર્ગમાં વસે. આ કથાઓ રૂપક - પ્રકારની છે. તેની પાછળની એક ચોક્કસ વિચારસરણી છે.

શ્રુતિ પ્રમાણે પ્રજાપતિ બ્રહ્મા એ પણ કોઇ વિશિષ્ટ વ્યક્તિ નથી. અને સ્વર્ગમાં ક્યાંક બેસીને આ સૃષ્ટિનું સર્જન કરતા નથી. આ કથાઓ આપણા દેહ અંગેની છે.

આપણા આ નાનકડાં શરીરમાં જ બ્રહ્માંડનાં અનેક કૌતુકો સમાવાયા છે. 'પિંડે - તે બ્રહ્માંડે' તે ઉક્તિ પ્રમાણે આપણા ચિત્તની ગતિવિધિ સમજાવવા માટે ઋષિમુનિઓએ પ્રયોજેલ યુક્તિ પૂર્વકનું રૂપક છે. આપણું 'ચિત્ત' જ પ્રજાપતિ છે. અને આ ચિત્તમાં ક્ષણે-ક્ષણે ઉદ્ભવતિ સદ્ તથા અસદ - વૃત્તિઓ જ દેવ તથા અસૂર છે. આપ આ માનવીય અંતઃકરણની કથા છે.

આપણાં આંતર મનમાં સદૈવ વૃત્તિઓ વચ્ચે સંઘર્ષ ચાલતો રહે છે. વ્યક્તિનું ચિત્ત સદાય પરસ્પર વિરોધ મનોભાવ ધરાવતી વૃત્તિમાં ફસાયેલું રહે છે. આ સંઘર્ષ સદ્ અને અસદ્ વૃત્તિ વચ્ચે હોય તે તો સમજાય. પણ ઘણી વખત તો બે સદ્-વૃત્તિઓ પણ સંઘર્ષમાં આવે છે. પત્ની અને માતા વચ્ચેના પ્રશ્નો, મિત્ર તથા ભાઇ વચ્ચે કે દીકરો અને જમાઇ માટેની વૃત્તિઓ ક્યારેક વિરૂધ્ધ પણ હોય છે. આવા સંઘર્ષ એવા તીવ્ર હોય છે કે વ્યક્તિત્વ પર તેની અસર થાય છે.

આપણે જો આપણાં ચિત્તમાં ઉઠતી વિવિધ વૃત્તિઓનું જાગૃત રહી નિરીક્ષણ કરીએ તો અતિ વિચિત્ર અનુભવ થશે. આપણને મોટે ભાગે અસદ્ વિચારો વધારે અને તરત આવે છે. હિંસાના કોઇને નુકશાન કરવાના બદલો લેવાના ભાવો તીવ્ર હોય છે અને વ્યક્તિ તેના પ્રભાવતળે અનિષ્ટ આચરણ કરે છે. કોઇનું ભલું કરવું. સારા કામમાં મદદ કરવી જેવા વિચારો બળપૂર્વક કરવા પડે છે. અસત્યનું આચરણ અને ઉચ્ચારણ સહેલાઇથી થાય છે. જયારે સત્ય બોલવા તથા આચરવા પ્રયત્ન કરવા પડે છે. આનો સ્પષ્ટાર્થ એ છે કે, અસદ્ - બળો જ માનવીના ચિત્ત પર પ્રારંભમાં પોતાની સત્તા જમાવે છે. દેવાસૂર સંગ્રામની આ પ્રથમ કડી છે. જેમાં અસૂરો - અસદ્વૃત્તિ વિજયી બને છે. અસદ્ - વૃત્તિઓને બળ પૂંડું પાડવામાં આપણી જ્ઞાનેન્દ્રિયમાં પણ કારણભૂત બનતી હોય છે.

સારી ભાવનાઓ ક્યારેય ચિત્તની સપાટી પર નથી હોતી, જેમ રત્નો સાગરમાં પેટાળમાં પડ્યા છે, પણ તેને પ્રાપ્ત કરવા કષ્ટ ઉઠાવવું પડે છે. ઊંડાણમાં જવું પડે છે, તેમ સદ્ભાવના માટે પણ ચિંતન તથા મનન કરવું પડે છે. હલકી વૃતિઓ છાયલાં જેવી હોય છે તે કાંઠા પર કે છીંછરા પાણીમાં અટવાયા કરે છે. કેટલીક વાર આ છીપલા જેવી વૃત્તિઓ આકર્ષક ને મનોહારી લાગે છે. તેને તુરત ઉપાડવાની વૃત્તિ થાય છે. પણ છીપનાં રંગો ભ્રાન્તિ છે. તેનામાં રત્નોનો પ્રકાશ નથી હોતો. આ ઉપરાંત આપણું મન અતિ સંવેદનશીલ હોય છે, બાહ્ય વાતાવરણમાં જે અસદ્ ભાવો ફેલાયેલા છે તે તુરત આપણને સ્પર્શી જાય છે, ને ચિત્ત તેની અસર અસર તળે આવી જાય છે.

સારા વિચારો પ્રમાણમાં ઓછી હોય છે. તેઓ શરૂઆતમાં કમજોર હોય છે. પ્રયત્નો પૂર્વક તેઓને ચિત્તની સપાટી પર લાવવા પડે છે. પેલા બળવાન અસદ્ - વિચારોને વૃત્તિઓ આ ભાવનાઓને પાછી ઊંડાણમાં બળપૂર્વક ધકેલી દેવા સતત પ્રયત્નો કરે છે. સદ્ભાવને વ્યવહારમાં આવતા રોકે છે. આપણે જોઇશું તો જણાશે કે કોઇ પણ કર્મ પરત્વે પ્રથમ તો નકારાત્મક વિચારો જ આવે છે. પછી આ અયોગ્ય છે તેવો ખ્યાલ આવતાં મનને પાછું વાળવું પડે છે. જાગૃત હોઇએ તો સદ્ - ભાવના માટે પ્રયત્નો થાય છે. પણ મોટા ભાગના લોકોના ચિત્તમાં અસૂરો જ વિજય પામે છે.

અસદ્ - ભાવ તરફ આપણું મન શા માટે તુરત આકર્ષાય છે. તે દર્શાવતી એક કથા પણ શ્રુતિ આપે છે.

પરમાત્માએ ઇન્દ્રિયોના દેવો નક્કી કર્યા પછી યત્રનાં ઉદગાથા થવાનું કામ 'વાક' ને સોંપ્યું. અસૂરોને વાતની ખબર પડજી તેઓને લાગ્યું. 'જો તહવા ઉદ ગાથા થશે તો સદૈવ સત્ય જ બોલશે.' પરિણામે આપણો વિનાશ થશે ગમે તેમ જીહ્વાને તથા તેના દેવ અગ્નિને પાપમાં સ્પર્શ થાય તેમ કરવું જોઇએ. તેઓએ 'સ્વાદ'ના બાણે જીહ્વાને વિધિ તથા અભક્ષ્યાહારે અગ્નિને. તેથી બંનેમાં પાપ પ્રવેશી ગયું. જીભ સ્વાદની લોલુપતામાં સત્યાસત્યના ભેદ ભુલી ગઇ. પરિણામે તેની દૈવી શક્તિ ઘટી ગઇ, ને આ લડાઇમાં અસૂરો જીત્યા. અગ્નિને સર્વભક્ષક બનાવ્યો.

ત્યાર પછી પ્રજાપતિએ શ્રોત - ને આ કામ સોંપ્યું તો અસૂરોએ અશ્લિલ તથા અસભ્ય શબ્દરૂપી બાણથી તેને વિંધ્યા કાન દ્વારા સાંભળવા જોગ અને ન સાંભળવા જોગ બધુ મનમાં પ્રવેશવા લાગ્યું. શ્રોત્ર પછી ચક્ષુનો વારો આવ્યો તો અસૂરોએ રૂપનું બાણ મારી તેને પણ વિંધિ નાખ્યા. ચક્ષુઓ પાપ પ્રવેશ્યું તો આંખો વડજે ન જોવાનું પણ માણસો જોવા લાગ્યાં. આંખો રૂપ રૂપ પાછળ દોડતી થઇ. ઘ્રાણ સુગંધમાં અટવાયા તો ત્વચા કોમળ હુંફાળા સ્પર્શમાં વિંધાણી આમ તમામ જ્ઞાનેન્દ્રીયને અસરોએ હરાવી.

આખરે પ્રજાપતિએ ઉદ્ગાથા થવાનું કાર્ય પ્રાણને સોંપ્યું. પ્રાણ ને સ્વીકાર્યું. અસૂરોએ પ્રાણને ભ્રષ્ટ કરવા ઘણાં ઘણાં પ્રયત્નો કર્યાં. પણ પ્રાણ ભ્રષ્ટ કરવા ઘણાં ઘણાં પ્રયત્નો કર્યાં. પણ પ્રાણ ભ્રષ્ટ ન થયા. તેની દૈવી-શક્તિના બળે પ્રાણે અસૂરોને હરાવ્યા. આમ પ્રારંભના વિજય પામતાં અસૂરો આખરે પરાજિત થયા. આ પ્રાણતત્ત્વને બાહ્ય બાબતો અસર નથી કરતી. પ્રાણ તત્ત્વ એ તો જીવનની સારભૂત તત્ત્વ છે. આ પ્રાણ તત્ત્વને જ બહ્મા-વિષ્ણુ કે શિવના નામે ઓળખવામાં આવેલ છે.

શ્રુતિની આ કથા આપણા ચિત્તમાં ચાલતા સંઘર્ષોની કથા છે. આપણી જ્ઞાનેન્દ્રિયો પણ બાહ્ય વસ્તુ જોઇ મોહ યાર્થ છે ને મનમાં અસદ્ ભાવના પેદા કરે છે તેનું સ્પષ્ટિકરણ પણ છે. જે વ્યક્તિ પ્રાણને જ ક્યાસે - એટલે કે પ્રણવ મંત્ર જાપ તથા પ્રાણાયામ દ્વારા પ્રાણને તેજસ્વી બનાવે છે તો તેના ચિત્તમાં અસદ્ - ભાવો આકાર પામતા નથી. તેનામાં સદેવ સદ્ભાવનાઓ જ પ્રગટ થતી રહે છે. અસદ્ ભાવથી બચવા માટે આપણે પ્રાણને તેજસ્વી બનાવવા જોઇએ. આ માટે ઋષિમુનિઓએ પ્રાણાયામનો ઉત્તમ માર્ગ દર્શાવ્યો છે. પ્રાયાણામથી જ્ઞાનેન્દ્રિયો પણ શાંત - નિર્વિકાર અને નિર્મળ બને છે. ચિત્તમાં ચાલતાં સંઘર્ષો ટળતાં શાંતિ પ્રાપ્ત થાય છે. દેવો અને અસૂરો બંને પ્રજાપતિના સંતાન ભલે હોય. આપણું કર્તવ્ય દૈવી ભાવનાઓને ઉત્તેજન આપવાનું. સારા ઉચ્ચ વિચારો ફેલાવી - અસદ્ - તત્ત્વોને પકડારવાનું છે. અસદ્ ભાવ પણ આપણાં ચિત્તમાં જ હોય તેને દૂર કરવામાં યત્ન પણ આપણે જ કરવાનાં રહે છે.